# -: જાહેરનામું :-

**ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ:**

**નંબર : વિ.શા./જાહેરનામું/એ-સેકશન/પરમીટ/૧૬ /૨૦૨૦**

**વંચાણે લીધા:-**

(૧) ગૃહ મંત્રાલય ભારત સરકારના હુકમ નંબર: 40-3/2020-D તા.૨૪/03/૨૦૨૦ ના હુકમ તથા તા.૨૫/03/૨૦૨૦, ૨૭/3/૨૦૨૦ ,૦૨/૦૪/૨૦૨૦ , તા.03/૦૪/૨૦૨૦ અને તા-૧૦/૦૪/૨૦૨૦ ના રોજ બહાર પાડેલ સુધારા હુકમ તેમજ હવે પછી જે સુધારા આદેશ બહાર પાડવામાં આવે તે હુકમને બંધનકર્તા રહેશે.

(૨) ગુજરાત સરકાર,ગૃહ વિભાગ,સચિવાલય,ગાંધીનગરના ક્રમાંક:જીજી/૨૧/૨૦૨૦/વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨/૨૦૨૦ તા.૨૫/03/૨૦૨૦ તથા ક્રમાંક:જીજી/૨૩/૨૦૨૦/વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ તા.૧૪/૦૪/૨૦૨૦ ના આધારે.

હાલમાં વિશ્વમાં નોવેલ કોરોના વાયરસ COVID-19 ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇજેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે. ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટ ૨૦૦૫ તેમજ ધી એપેડેમિક ડીસીઝ એકટ ૧૮૯૭ અંતર્ગત સરકારશ્રી દ્વારા ઉપરોકત જાહેરનામાઓ બહાર પાડવામાં આવેલ છે. તથા લોકડાઉન તા-03/૦૫/૨૦૨૦ સુધી લંબાવવામાં આવેલ છે. અમદાવાદ શહેર ખાતે કોરોના વાયરસના પોઝીટીવ કેસોમાં મોટા પ્રમાણમાં વધારો નોંધાયેલ છે.અમદાવાદ શહેર વિસ્તારની દ્રષ્ટીએ મોટો અને વસ્તીની દ્રષ્ટીએ ગીચ અને ભીડભાડવાળું છે. નોવેલ કોરોના વાયરસ COVID-19 ના ઝડપી સંક્રમણને ધ્યાને લેતાં લોકોના સ્વાસ્થ્ય અને સુરક્ષા માટે તકેદારીના પગલાં રૂપે અમદાવાદ શહેર વિસ્તારમાં વાયરસને ફેલાવતો અટકાવવા સારૂ કેટલીક ગતિવિધીઓ ઉપર પ્રતિબંધ ફરમાવવાની (લોક ડાઉન) જરૂર જણાય છે.

વાસ્તે, હું આશીષ ભાટિયા,પોલીસ કમિશનર, અમદાવાદ શહેર,ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૦૮.૧૧.૧૯૮૨ના નોટીફીકેશન નં.જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ તથા ગૃહ વિભાગના તા. ૦૭.૦૧.૧૯૮૯ ના સંકલીત જાહેરનામાં નં.જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ અન્વયે મળેલ સત્તાની રૂએ ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને-૧૯૭૩(૧૯૭૪ના નં.૨) ની કલમ-૧૪૪ મુજબ તા.૧૫.૦૪.૨૦૨૦ ના ક.00.00 વાગ્યાથી તા.03.૦૫.૨૦૨૦ નાક.૨૪.00 વાગ્યા સુધી જાહેરનામું પ્રસિધ્ધ કરી નીચે દર્શાવેલ કૃત્યો પર પ્રતિબંધ ફરમાવું છું:

**-:હુકમ:-**

૧ અમદાવાદ પોલીસ કમિશનરેટ વિસ્તારમાં નીચે અપવાદમાં જણાવેલ કામગીરી કરવાના હેતુ સિવાય કોઇપણ વ્યક્તિ જાહેર રોડ ઉપર પસાર થવા અને અવર-જવર કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

૨ અમદાવાદ પોલીસ કમિશનરેટ વિસ્તારમાં સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી વગર અનઅધિકૃત/ગેરકાયદેસર રીતે ચાર કે ચારથી વધુ વ્યક્તિઓએ એકસાથે પોલીસ કમિશનરેટ વિસ્તારમાં કોઈપણ જાહેર જગ્યાએ સોશીયલ ડિસ્ટેન્સ મેન્ટેન કર્યા સિવાય એકઠા થવા પર પ્રતિબંધ મુકવામાં આવે છે.

3 અમદાવાદ પોલીસ કમિશનરેટ વિસ્તારમાં જાહેર સ્થળોએ સક્ષમ સત્તાધિકારીની પૂર્વ પરવાનગી વગર કોઈપણ પ્રકારના સભા,સરઘસ,સંમેલન,મેળાવડા કે લોકમેળા કે જે પ્રસંગે મોટી સંખ્યામાં લોકો એકત્રિત થાય તેવા કોઈ આયોજન કરવા નહિ કે આવા આયોજનમાં વિશાળ સંખ્યામાં લોકોએ હાજર રહેવું નહિ.

૪ મોલ,મલ્ટીપ્લેકસ,સિનેમાં અને નાટયગૃહો,જીમ,સ્પોર્ટસકોમ્પલેક્ષ,સ્વિમિંગપુલ,ડાન્સ કલાસીસ,ગેઈમઝોન,કલબહાઉસ, એમ્યુઝમેન્ટપાર્ક,પાર્ટીપ્લોટ,મેરેજહોલ,લગ્નવાડી,હાટબજાર અને જ્યાં મોટી સંખ્યામાં લોકોની અવરજવર થતી હોય તેવાં તમામ સ્થળો જાહેર જનતા માટે બંધ રાખવા.

૫ રાજ્ય સરકારશ્રી દ્વારા મંજુરી આપવામા આવેલ હોય તે સિવાયની તમામ પ્રકારની શૈક્ષણિક સંસ્થાઓ/ટ્યુશન/કોચિંગ ક્લાસ વગેરે જગ્યાએ તમામ શૈક્ષણિક કાર્યો બંધ રાખવા.

૬ શૈક્ષણિક કામગીરી સાથે સંકળાયેલ સરકારી તથા ખાનગી હોસ્ટેલ તાત્કાલિક અસરથી બંધ કરવી.

૭ પોલીસ કમિશનરેટ વિસ્તારમા આવેલ જાહેર બાગ બગીચાં તથા ધાર્મિક મેળાવડાઓ બંધ રાખવા.

૮ પાન માવાના ગલ્લાઓ,સીગારેટ બીડીની દુકાનો તથા આ પ્રકારની ચીજવસ્તુનુ વેચાણ કરતી દુકાનો અને જ્યાં મોટી સંખ્યામાં લોકોની અવર-જવર રહેતી હોય તેવી તમામ દુકાનો બંધ રાખવાની રહેશે.

૯ તમામ હોટેલો ,રેસ્ટોરેન્ટ, ખાણી પીણીના સ્થળ,મીઠાઇ-ફરસાણની દુકાન,ભોજનાલય તથા અન્ય દુકાનદારોએ COVID-19 અંગે રાજ્યસરકાર દ્વારા બહાર પાડવામા આવેલ સુચનાઓનુ ચુસ્તપણે પાલન કરવાનુ રહેશે.

Scanned with CamScanner

૧૦ કોઇપણ વ્યક્તિ/સંસ્થા કોરોના વાયરસ અંગે ખોટી અફવા/માહીતી કોઇપણ પ્રકારના મિડીયા મારફત ફેલાવશે તો તે ગુનો ગણાશે અને તેમની વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામા આવશે.

૧૧ જો કોઇ નાગરિક જાહેર થયેલ કોરોના વાયરસ પોઝીટીવ વિસ્તાર/દેશમાંથી આવ્યો હશે તો તેમણે નજીકની સરકારી હોસ્પિટલ અથવા શહેર/જિલ્લાના કંટ્રોલ રૂમ અથવા હેલ્પ લાઇન નંબર ૧૦૪ પર આ અંગે ફરજીયાત જાણ કરવાની તથા જરૂરી તમામ માહીતી આપવાની રહેશે.વહીવટી તંત્રની સુચના અનુસાર Home quarantine/ Isolation પ્રોટોકોલનુ ચુસ્તપણે પાલન કરવાનુ રહેશે.જો તેમ કરવામા નહી આવે તો તેઓને ફરજીયાતપણે અમદાવાદ કમિશનરેટ વિસ્તારમા quarantine વોર્ડમા ખસેડી Epidemic Diseases Act-1897 ની જોગવાઇ મુજબ દડનીય અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

<u>-:વિસ્તાર:-</u>

કારંજ,શાહપુર,ખાડીયા,ગાયકવાડ હવેલી ,કાલુપુર,દરીયાપુર અને દાણીલીમડા પો.સ્ટે વિસ્તાર સિવાય અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

<u>અપવાદ:</u>

નીચે જણાવેલ સેવાઓ સાથે સંકળાયેલ વ્યક્તિઓને ઉપરોકત હુકમ પાલનમાંથી મુક્તિ આપવામાં આવે છે.

૧ સંરક્ષણ, કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળ, તિજોરી વિભાગ, જાહેર ઉપયોગીતા જેવી કે પેટ્રોલિયમ સીએનજી, એલપીજી, પીએનજી સહિતની સેવાઓ, ડીઝાસ્ટર મેનેજમેન્ટ,વીજ ઉત્પાદન અને ટ્રાન્સમિશન એકમ,પોસ્ટ ઓફીસ, રાષ્ટ્રીય માહિતી કેન્દ્ર, પ્રારંભિક ચેતવણી એજન્સી.

૨ પોલીસ, હોમગાર્ડઝ, સિવિલ ડિફેન્સ, ફાયર એન્ડ ઇમરજન્સી સેવાઓ, ડિઝાસ્ટર મેનેજમેન્ટ અને જેલો.

૩ જિલ્લા વહીવટ અને ટ્રેઝરી વિભાગ.

૪ વીજળી, પાણી, સ્વચ્છતા.

૫ મ્યુનિ.કોર્પો.ના ફક્ત પાણીની સપ્લાય તેમજ સફાઇ જેવી આવશ્યક સેવાઓ માટે જરૂરી કર્મચારીઓ

૬ જાહેર અને ખાનગી ક્ષેત્ર સહિતના તમામ તબીબી સંસ્થાનો અને તેમના ઉત્પાદન, વિતરણ એકમો જેવા કે ડીસ્પેન્સરી,કેમિસ્ટ અને તબીબી ઉપકરણોની દુકાનો, પ્રયોગશાળાઓ, કલીનીકસ, નર્સિંગ હોમ્સ, એમ્બ્યુલન્સ કાર્યરત રહેશે. તમામ મેડીકલ સ્ટાફ, નર્સ, પેરા-મેડિકલ સ્ટાફ, તથા અન્ય હોસ્પિટલ સપોર્ટ સેવાઓ માટે પરિવહનની મંજૂરી રહેશે.

૭ રેશનકાર્ડની દુકાનો (જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળની દુકાનો) સહિતની દુકાનો, ખાદ્યપદાર્થો, કરિયાણાવાળા,ફળો અને શાકભાજી,ડેરી અને દૂધના બૂથ, માંસ અને માછલી, પશુ ઘાસચારા વાળા ફેરીયાઓ, તેમજ આવશ્યક ચીજવસ્તુ પહોચાડનાર હોમ ડીલીવરી કરતા માણસો.

૮ બેંકો, વીમા કચેરીઓ અને એટીએમ.

૯ પ્રિન્ટ અને ઇલેક્ટ્રોનિક મીડિયા, ન્યુઝ પેપર્સનું પરિવહન અને વિતરણ.

૧૦ દૂરસંચાર, ઇન્ટરનેટ સેવાઓ, પ્રસારણ અને કેબલ સેવાઓ અને આઇ.ટી આધારીત સેવાઓ.

૧૧ ઇ-કોમર્સ દ્વારા ખોરાક, ફાર્માસ્યુટિકલ્સ, સાધનો સહિત તમામ આવશ્યક ચીજોની હોમ ડિલિવરી.

૧૨ પેટ્રોલ પમ્પ, એલપીજી, પેટ્રોલિયમ અને ગેસ, છુટક અને સ્ટોરેજ ગોડાઉન..

૧૩ વીજ ઉત્પાદન, ટ્રાન્સમિશન અને વિતરણ એકમો અને સેવાઓ

૧૪ સિક્યોરિટીઝ એન્ડ એક્સચેંજ બોર્ડ ઓફ ઇન્ડિયા દ્વારા સૂચિત કેપીટલ અને ડેબ્ટ માર્કેટ સેવાઓ.

૧૫ કોલ્ડ સ્ટોરેજ અને વેરહાઉસિંગ સેવાઓ.

૧૬ ખાનગી સીક્યુરીટી સેવાઓ.

૧૭ આવશ્યક ચીજવસ્તુઓના ઉત્પાદન એકમો તથા જે ઉત્પાદન એકમોમા સતત પ્રક્રિયાની જરૂર પડે છે તેવા રાજ્ય સરકારની મંજુરીથી ચાલુ રાખી શકશે.

૧૮ આવશ્યક ચીજવસ્તુઓના પરીવહન માટેના વાહનો.

૧૯ ફાયર વિભાગ તેમજ કાયદો અને વ્યવસ્થા અને ઈમરજન્સી સેવાઓ.

૨૦ હોટલો, હોમસ્ટેઝ, લોજ અને મોટેલ જેમાં લોકડાઉનના કારણે અટવાયેલા પ્રવાસીઓ અને વ્યક્તિઓ રોકાયેલ છે તે ઉપરાંત જેમાં મેડિકલ અને ઇમરજન્સી સ્ટાફ, હવાઇ - દરિયાઇ સેવા માટેના સ્ટાફ રોકાયેલ છે.

Scanned with CamScanner

૨૧ ક્વોરેન્ટાઇન માટે ઉપયોગમાં લેવાયેલ સંસ્થાનો

૨૨ અંતિમ સંસ્કારના કિસ્સામાં, વીસ જેટલા વ્યક્તિઓ ભેગા થઇ શકે તે રીતે પરવાનગી આપી શકાશે.

૨૩ દુધ, કરિયાણું,શાકભાજી જેવી જીવન જરૂરીયાતની ચીજ-વસ્તુઓ ખરીદવા નીકળેલ વ્યક્તિઓ તથા દવા અનેતબીબી સારવાર માટે નીકળેલ વ્યક્તિઓ.

૨૪ કલેકટરશ્રી, અમદાવાદ નાઓ તરફથી અપવાદ હેઠળ પાસ ધરાવતી વ્યક્તિઓ.

૨૫ કૃષી મશીનરીની દુકાનો,તેને સંબધિત સ્પેર પાર્ટસ(સ્પ્લાય ચેઈન સહિત)અને તેની મરામત સંબધિત દુકાનો ખુલ્લી રહેશે.

૨૬ હાઈ-વે પરની તથા પેટ્રોલ પંપ પરની ટ્રક રીપેરની દુકાનોને પ્રાધાન્ય આપવું.

૨૭ ચા ઉધોગ, રોપણ પ્રકીયામાં વધુમાં વધુ ૫૦% મજુરો રોકાયેલા હોય તે સહિત.

૨૮ તિજોરી (ચુકવણી અને હિસાબી શાખા, નાણાકીય સલાહકાર્યો અને કંટ્રોલ જનરલ એકાઉન્ટંટ ઓફીસરો સહિતનો ઓછામાં ઓછો સ્ટાફ).

૨૯ નેશનલ ઈન્ફોરમેટીક્સ સેંન્ટર.

30 બંદરો/એરપોર્ટ/જમીનની સીમાઓ પર કસ્ટમ ક્લીયરંસ, જીએસટીએન; અને ઓછામાં ઓછા સ્ટાફ સહિતની એમસીએ ૨૧ રજીસ્ટ્રી.

3૧ RBI અને RBI સંચાલીત નાણાકીય બજારો અને સંસ્થાઓ જેવી કે NPCL, CCIL, પેમેન્ટ સીસ્ટમ ઓપરેટર્સ,એકલ પ્રાથમિક ડીલરો ઓછામાં ઓછા સ્ટાફ સાથે.

3૨ ખાંડ, મેડિકલ સાધનો, હેન્ડ સેનિટાયઝર દવાઓ, LPG, ખાધ પદાર્થો ઉત્પાદન કરતા યૂનિટો તેનું વિતરણ અને તે સંબંધિત રો-મટિરીયલ વિગેરેની રાજ્યની અંદર તેમજ રાજ્યો વચ્ચે અને આંતર રાષ્ટ્રીય આયાત માટે મુક્ત પરિવહન.

33 વન કચેરીઓ:પ્રાણી સંગ્રહાલય, નર્સરીઓ, જંગલી પ્રાણીઓ, જંગલોના ફાયર ફાયટરો, વૃક્ષોની જાળવણી કરનારાઓ,પેટ્રોલીંગ અને તે માટે જરૂરી વાહનોની અવર-જવર વિગેરેનો સંચાલન અને જાળવણી માટેનો જરૂરી સ્ટાફ.

3૪ સામાજીક કલ્યાણ વિભાગ, ઓછામાં ઓછા સ્ટાફ સાથે, અનાથ આશ્રમ /દિવ્યાંગો /વયોવૃધ્ધ /નિરાધારો/સ્ત્રીઓ / વિધવાઓ વિગેરેના ગૃહોનું સંચાલન કરનારાઓ; દેખરેખ ગૃહો; પેન્શસ.

3૫ ખેતી વિષયક ચીજોની ખરીદી સાથે સંકળાયેલ સંસ્થાઓ, MSPની કામગીરી સહિત.

3૬ APMC અથવા રાજ્ય સરકારના નિર્દેશન આધારે સંચાલિત મંડીઓ.

3૭ માત્ર સરકારી કાર્યો માટેના ડેટા અને કોલસેન્ટર.

3૮ કૃષિ મશીનરી સંબંધિત કસ્ટમ હાયરીંગ સેન્ટર.

3૯ કોલસા અને ખનિજોનું ઉત્પાદન, વાહન વ્યવહાર, ખનન પ્રવૃત્તિઓ માટેના સ્ફોટક પદાર્થોની હેરફેર

૪૦ રાસાયણિક ખાતર, જંતુનાશક દવાઓ અને બિયારણોના પેકેજીગ યુનિટ અને ઉત્પાદન.

૪૧ રેલ્વે એરપોર્ટ અને બંદરો પર માલસામાનની હેરેફેર માટેની પ્રવૃત્તિઓ, રાહત અને સ્થળાંતર અન તેને સંબંધિત કાર્યરત સંસ્થાઓ.

૪૨ ભારતીય રેડ ક્રોસ સોસાયટીઓની સેવાઓ.

૪૩ હોસ્પિટલ્સ, વેટરનીટી હોસ્પિટલો અને તેને સંબંધિત મેડિકલ સંસ્થાઓ, તેના ઉત્પાદન અને વિતરણ.યુનિટો સહિત, જાહેર અને ખાનગી બન્ને ક્ષેત્રોમાં, દવાખાનાઓ, કેમિસ્ટ, ફાર્માસીઓ(જન ઔષધિ કેન્દ્રો સહિત) અને ફાર્માસ્યુટીકલ રિસર્ચ લેબ.

૪૪ બેંકો, વિમા કચેરીઓ, અને ATM બેંન્કીંગ ઓપરેશનના IT વેન્ડરો સહિત, બેંકીંગ સંવાદદાતા અને ATM ઓપરેશન અને રોકડ વ્યવસ્થાપન એજન્સીઓ.

૪૫ માત્ર IT અને IT આધારીત સેવાઓ(જરૂરી સેવાઓ માટે) અને શક્ય હોય ત્યાં સુધી ઘરેથી કામ કરવું.

૪૬ પાવર જનરેશન, ટ્રાંસમીશન અને વિતરણ યુનિટો અને સેવાઓ

૪૭ સેબી દ્વારા નિર્દેશિત મુડી અને ડેબિટ માર્કેટ સેવાઓ .

૪૮ ખેડુતો અને ખેત મજુરો દ્વારા ખેતરો માં થતી ખેતીકીય પ્રવૃત્તિઓ.

Scanned with CamScanner

૪૯ આવશ્યક ચીજ-વસ્તુઓ ખાદ્ય ચીજો, ડ્રગ્સ, ફાર્માસ્યુટિકલ્સ અને મેડિકલ સાધનો તેના કામમાં મધ્યસ્થ વસ્તુઓ તથા પેકેજીંગ માટેના પેકેજીંગ માટેના ઉત્પાદન કારખાનાઓ.

૫૦ આયાત-નિકાસ માટે રાજ્યની અંદર પરિવહનનું વસ્તુ/માલસામાન.

૫૧ રાજ્યની અંદર અને આંતર રાજ્યમાં હારવેસ્ટિંગ અને વાવણી સંબંધિત મશીનોની હેરફેર જેવાં કે સંયુક્ત હારવેસ્ટર અને અન્ય ખેતીકીય સાધનો.

૫૨ પેટ્રોલીયમ પદાર્થો અને LPG, ખાધ પદાર્થો, મેડિકલ સાધનો વિગેરે જરૂરી વસ્તુઓની આંતર રાષ્ટ્રીય હેરફેર

૫૩ અનિવાર્ય હોય કે ના હોય તેવા તમામ માલસામાનનો પરિવહન

૫૪ દુધ એકત્રિકરણ, વિતરણ અને તેના પેકેંજીંગ મટિરીયલ વિગેરેના વાહનોનું પરિવહન

૫૫ FCI (ફુડ કોર્પોરેશન ઓફ ઇંડિયા)ની કચેરીઓ દ્વારા થતી પ્રવૃત્તિઓ, તેના દ્વારા થતી અનાજની હેરફેર અને વિતરણ અને તે સંબધિત વાહનો.

૫૬ વિદેશી નાગરીકો જે ભારતમાં હાલ રોકાયેલ હોય તેના સ્થળાંતર(એસ.ઓ.પી) પ્રમાણે

૫૭ મત્સ્યઉર્ધોગનું સંચાલન કે જેમાં માછલીઓના ખોરાક અને જાળવણી,લણણી પ્રક્રીયા,પેકેજીંગ,કોલ્ડ ચેઈન,વેચાણ અને માર્કેટીંગ,હેચરીઝ,ફીડપ્લાન્ટસ,વ્યાપારી માછલીઘર,માછલી/ઝીંગા અને મત્સ્ય ઉત્પાદનોની હેરફેર,માછલીના બીજ અને આ તમામ કામગીરી સાથે સંકળાયેલ કામદારો

૫૮ ભારત સરકારના તા.૨૪/૩/૨૦૨૦ ના આદેશ અને તે પછીના સુધારા આદેશોને આધીન એકીકૃત અપવાદો તથા ભવિષ્યમાં આવનાર સુધારા આદેશોને આધીન અપવાદો.

૫૯ ઉપરોકત તમામ છુટછાટો સોશીયલ ડીસ્ટન્સીંગનુ કડક અમલ કરવાની શરતે આપવામાં આવે છે.

**શિક્ષા:**

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ ની કલમ ૧૮૮ અને The Disaster Management Act, 2005 મુજબ શિક્ષાને પાત્ર થશે.

**જાહેર વિજ્ઞાપન:**

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારોમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલ ચોંટાડી, લાઉડ સ્પીકર વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી અને દૂરદર્શન કેન્દ્રો ઉપરથી પ્રસિધ્ધ કરાવવુ.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ.કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના કોઇ પણ પોલીસ અધીકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ-૧૮૮ અને The Disaster Management Act, 2005 મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૨૪/૦૪/૨૦૨૦ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

(આશીષ ભાટિયા)
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :-**

(૧) અગ્ર સચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર, ગુજરાત સરકાર.
(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૩) પોલીસ મહાનિદેશક અને મુ.પો.અધિ.શ્રી. ગુ.રા.ગાંધીનગર.
(૪) અધિક પો.મહાનિદેશકશ્રી (ઇન્ટે), ગુ.રા.ગાંધીનગર.
(૫) પોલીસ કમિશનરશ્રી સુરત, વડોદરા, રાજકોટ શહેર.
(૬) મ્યુનિસિપલ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.
(૭) નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી, દાણાપીઠ, અમદાવાદ શહેર.
(૮) કલેકટરશ્રી, અમદાવાદ શહેર.
(૯) નિયામકશ્રી માહિતી ખાતુ, ગુ.રા.ગાંધીનગર.

Scanned with CamScanner

(૧૦) સંયુક્ત માહિતી નિયામકશ્રી બેરેક નં.૩, આંબાવાડી પોલીટેકનીક, અમદાવાદ શહેર.

(૧૧) રજીસ્ટ્રારશ્રી, હાઇકોર્ટ, ગુ.રા.અમદાવાદ શહેર.

(૧૨) રજીસ્ટ્રારશ્રી, સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.

(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ટ, મીરજાપુર, અમદાવાદ શહેર.

(૧૪) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર.

(૧૫) સિનિયર સરકારી વકીલશ્રી, અમદાવાદ શહેર.

(૧૬) ખાસ/સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રી,સેકટર-૧,૨/ક્રાઇમ બ્રાન્ચ/મુખ્ય મથક/ટ્રાફીકશાખા,

(૧૭) મેનેજરશ્રી, ગવર્મેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેજેટ ભાગ-૧માં પ્રસિધ્ધ કરવા સારૂં તેમજ પાંચ નકલો અત્રે વિશેષ શાખાને મોકલી આપવી. અ,વાદ શહેર.

(૧૮) તમામ નાયબ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.

(૧૯) નાયબ પોલીસ કમિશનરશ્રી(ઇન્ટે.), અમદાવાદ શહેર.

(૨૦) તમામ મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર.

(૨૧) જનસંપર્ક અધિકારીશ્રી, (સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા )

(૨૨) તમામ પો.ઇન્સ.શ્રીઓ અમદાવાદ શહેર.(જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂં)

(૨૩) મ.પો.કમિ.શ્રી એસ.ઓ.જી.,અમદાવાદ શહેર.

(૨૪) પો.ઇન્સ.શ્રી રેલ્વે એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે. સ્ટેશન, અમદાવાદ શહેર.

(૨૫) પો.ઇન્સ.શ્રી અમદાવાદ રેલ્વે પો.સ્ટે.

(૨૬) પો.સબ.ઇન્સ.શ્રી સાબરમતી રેલ્વે પો.સ્ટે.

(૨૭) PRO, C.P. Ahmedabad website પર twitter handle ઉપર Social Media પર પ્રસિધ્ધ થવા બાબત

Scanned with CamScanner